**ક્રિમીનલ કેસ નં.૪૭૬૮૧/૨૦૨૪**

**<u>ચાર્જશીટ નીચે હુકમ :–</u>**

(૧) ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે ધી પ્રોહીબીશન એકટ કલમ– **૬૫(એ)(એ),૮૧** મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામાં આવે છે અને હાજર આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધ તહોમતનામુ ઘડી અને ત્યારબાદ તે અનુસંધાને આરોપીનો જવાબ(પ્લી) લેતાં ઉપરોકત આરોપીએ પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી તેમજ **નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧),જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૪** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વૈચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વૈચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્રારા ઉપરોકત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે. જેથી,ઉપરોકત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૪૮(૨) અન્વયે ધી પ્રોહી. એકટ કલમ– **૬૫(એ)(એ),૮૧** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી દરેક આરોપીઓને ગુન્હાના ભંગ બદલ **રૂા.૭૦૦/–(અંકે રૂપિયા સાતસો પુરા/–)** **(૭૦૦×૩=૨૧૦૦/–)** નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૨(બે)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ દેશી/વિદેશી દારૂનો અપીલ પીરીયડ બાદ ધોરણસર નાશ કરવો. વધુમાં આ કામે જો મુદ્દામાલ વાહન/મોબાઈલ કબ્જે કરવામાં આવે હોય તો વાહન/મોબાઈલ ના માલીકની ખરાઈ કરી મુળ માલીકને વાહન/મોબાઈલ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૨૨** માહે **જુન** સને **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

**તા.૨૨/૦૬/૨૦૨૪**
**સુરત**

**(ઓ.બી.ગોહિલ)**
**તેરમા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**
**(જજ કોડ નં. જી જે ૦૧૭૧૭)**
**સુરત**

| |
|---|
| **Rs. 700+700+700=2100/-** |
| **R.No.** |